આ સાચી વાત તે હોય છે જિન આકાશ માંથી જાણી લાવે છે અને પોતાના સાથી જ્યોતિષને કાનમાં એવી રીતે જણાવે છે કે જે રીતે એક મરઘી કુકડેકુક કરે છે એ રીતે જણાવી દે છે, અને તેઓ તેમાં પોતાની સો જૂઠી વાતો ભેળવી દે છે

આયશા રઝી અલ્લાહુ અન્હા રિવાયત કરે છે, તેણી કહે છે: કેટલાક લોકોએ નબી صلى الله عليه وسلم પાસે જ્યોતિષીઓ વિશે સવાલ કર્યો, તો નબી صلى الله عليه وسلم એ કહ્યું: તેમની વાતોમાં કોઈ સત્યતા નથી, લોકોએ કહ્યું કે હે અલ્લાહના રસૂલ ! તેઓ કેટલીક વખત અમને તે વાતો જણાવે છે જે સાચી થઈ જાય
છે? તો નબી صلى الله عليه وسلم એ કહ્યું: «આ સાચી વાત તે હોય છે જિન આકાશ માંથી જાણી લાવે છે અને પોતાના સાથી જ્યોતિષને કાનમાં એવી રીતે જણાવે છે કે જે રીતે એક મરઘી કુકડેકુક કરે છે એ રીતે જણાવી દે છે, અને તેઓ તેમાં પોતાની સો જૂઠી વાતો ભેળવી દે છે».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [મુત્તફકુન્ અલયહિ]

નબી صلى الله عليه وسلم ને તે લોકો વિશે પૂછવામાં આવ્યું, જેઓ ભવિષ્યમાં થનારી કેટલીક વાતો જણાવતા હતા, તો નબી صلى الله عليه وسلم એ કહ્યું: તેમની ફિકર ન કરો, તેમની વાતોને સાચી ન માનો અને તેમના આદેશો મુજબ અમલ ન કરો. આ સાંભળી સહાબાઓએ કહ્યું: તેમની વાતો ક્યારેક ક્યારેક સાચી થઈ જાય છે, જેવું કે તેઓ ગેબ વિશે જણાવતા હોય છે કે આ મહિનામાં આ વસ્તુ થશે, આ દિવસે આ પ્રમાણે થશે, તો તે થઈ જાય છે. તો નબી صلى الله عليه وسلم એ જણાવ્યું કે જિન આકાશની ખબરો માંથી અમુક વાતો જાણી લે છે, અને તે જિન પોતાના જ્યોતિષ દોસ્ત પાસે આવી તેને કાનમાં કહી દે છે, ફરી તે જ્યોતિષ જિને કહેલી વાતોમાં સો જૂઠી વાતો ઉમેરો કરે છે.

https://sunnah.global/hadeeth/gu/show/8918